# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 23.03.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **નિકિતા શાહ** વાંચે છે.

*************************************************

1) પશ્ચિમ એશિયામાં બદલાતી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સુરક્ષા પરની કેબિનેટ સમિતિ -CCS બેઠકની અધ્યક્ષતા કરી.

2) આસામ, કેરળ અને પુડુચેરીમાં વિધાનસભા ચૂંટણી માટે ઉમેદવારીપત્રો ભરવાનો આજે અંતિમ દિવસ.

3) પશ્ચિમ બંગાળમાં આજે SIR પ્રક્રિયા હેઠળ પ્રથમ પૂરક મતદાર યાદી પ્રસિધ્ધ થશે.

4) દેશભરમાં આવશ્યક ઇંધણની કોઈ અછત ન હોવાની સરકારની ખાતરી.

5) એર ઇન્ડિયા અને એર ઇન્ડિયા એક્સપ્રેસ આજે પશ્ચિમ એશિયા માટે 30 સુનિશ્ચિત અને વિશેષ ફ્લાઇટ્સનું સંચાલન કરશે.

6) અમેરિકા દ્વારા ઈરાનના પાવર પ્લાન્ટ પર હુમલો કરાશે, તો હોર્મુઝ સ્ટ્રેટને સંપૂર્ણપણે બંધ કરી દેવાની ઈરાનની ચેતવણી.

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM-CCS-MEETING

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પશ્ચિમ એશિયા સંઘર્ષ સંદર્ભે સર્જાયેલી પરિસ્થિતિ અને રાહત પગલાંની સમીક્ષા કરવા માટે સુરક્ષા પરની કેબિનેટ સમિતિ -CCSની બેઠકની અધ્યક્ષતા કરી.

શ્રી મોદીએ નાગરિકોને આ સંઘર્ષની અસરથી બચાવવા માટે દરેક પ્રયાસ કરવા પર ભાર મૂક્યો. પ્રધાનમંત્રીએ સરકારની તમામ શાખાઓને નાગરિકોને થતી અસુવિધાઓ ઘટાડવા માટે સાથે મળીને કામ કરવા નિર્દેશ આપ્યો. તેમણે આવશ્યક ચીજવસ્તુઓનું કાળાબજાર કે સંગ્રહખોરી ન થાય તે સુનિશ્ચિત કરવા માટે રાજ્ય સરકારો સાથે યોગ્ય સંકલન કરવા પણ હાકલ કરી. બેઠક દરમિયાન, વિવિધ મંત્રાલયો અને વિભાગો દ્વારા અત્યાર સુધી લેવામાં આવેલા અને આયોજિત રાહત પગલાં પર વિગતવાર રજૂઆત કરી.

બેઠક દરમિયાન, કૃષિ, ખાતર, ખાદ્ય સુરક્ષા, પેટ્રોલિયમ, વીજળી, નિકાસ, શિપિંગ, વેપાર, નાણાં, એમએસએમઇ , પુરવઠા શૃંખલા અને અન્ય તમામ અસરગ્રસ્ત ક્ષેત્રોમાં અપેક્ષિત અસર અને ઘટાડાના પગલાંની ચર્ચા કરવામાં આવી. આવશ્યક ચીજવસ્તુઓની સતત ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે ટૂંકા ગાળાના, મધ્યમ ગાળાના અને લાંબા ગાળાના પગલાંની વિગતવાર ચર્ચા કરવામાં આવી.

# PARLIAMENT TODAY

કેન્દ્રીય નાણાં અને કોર્પોરેટ બાબતોના મંત્રી નિર્મલા સીતારમણ આજે લોકસભામાં કોર્પોરેટ કાયદા (સુધારા) બિલ, 2026 રજૂ કરશે.

આ બિલનો હેતુ મર્યાદિત જવાબદારી ભાગીદારી અધિનિયમ, 2008 અને કંપની અધિનિયમ, 2013માં સુધારો કરવાનો છે. વધુમાં, નાણાં બિલ, 2026, આજે ગૃહમાં વિચારણા અને પસાર કરવા માટે સૂચિબદ્ધ છે. આ બિલ નાણાકીય વર્ષ 2026-2027 માટે કેન્દ્ર સરકારના નાણાકીય દરખાસ્તોના અસરકારક અમલીકરણની જોગવાઈ કરે છે.

રાજ્યસભામાં, આજે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળો (સામાન્ય વહીવટ) બિલ, 2026 રજૂ કરશે. આ બિલનો હેતુ કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળોમાં ગ્રુપ 'A' જનરલ ડ્યુટી અધિકારીઓ અને અન્ય અધિકારીઓની ભરતી અને સેવા શરતો સંબંધિત નિયમોનું નિયમન કરવાનો છે.

# NOMINATIONS-ASSEMBLY-POLLS

આસામ, કેરળ અને પુડુચેરીમાં વિધાનસભા ચૂંટણી માટે ઉમેદવારી પત્રો ભરવાની પ્રક્રિયા આજે પૂર્ણ થશે.

આ બંને રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશમાં મતદાન આગામી મહિનાની 9મી તારીખે એક જ તબક્કામાં થશે. પ્રસ્તુત છે એક અહેવાલ...

(BYTE: KARISHMA)

# WB - SUPPLEMENTARY LIST

પશ્ચિમ બંગાળના મુખ્ય ચૂંટણી અધિકારી મનોજ કુમાર અગ્રવાલે જણાવ્યું છે કે ચૂંટણી પંચ આજે SIR પ્રક્રિયા હેઠળ પ્રથમ પૂરક મતદાર યાદી પ્રસિધ્ધ કરશે. આ યાદીમાં એવા મતદારોના નામ શામેલ હશે જેમના દસ્તાવેજો સંપૂર્ણ રીતે ચકાસાયેલા છે અને જેમના નામ અંતિમ યાદીમાં બાકી છે. યાદી પ્રકાશિત થયા પછી, કોઈપણ વાંધો ધરાવતા મતદારો કમિશનની સત્તાવાર વેબસાઇટ, ECI નેટ એપ દ્વારા અથવા જિલ્લા કે પેટા વિભાગીય કચેરીઓની મુલાકાત લઈને અપીલ કરી શકે છે.

સુપ્રીમ કોર્ટના નિર્દેશોને અનુસરીને, ૨૩ જિલ્લાઓમાં ૧૯ અપીલ ટ્રિબ્યુનલની સ્થાપના કરવામાં આવી છે, પૂરક યાદીમાંથી જે મતદારોના નામ દૂર કરવામાં આવ્યા છે તેઓ આ ટ્રિબ્યુનલ દ્વારા અપીલ કરી શકશે.

# MINES-AUCTION

કેન્દ્રીય કોલસા અને ખાણ મંત્રી જી. કિશન રેડ્ડી આજે મહત્વપૂર્ણ અને વ્યૂહાત્મક ખનિજ બ્લોક્સની હરાજીના 7મા તબક્કાની શરૂઆત કરશે.

આ તબક્કામાં, ઘણા રાજ્યોમાં 19 બ્લોક્સની ખાણકામ લીઝ અને સંયુક્ત લાઇસન્સ હેઠળ હરાજી કરવામાં આવશે. આમાં સ્વચ્છ ઉર્જા, અદ્યતન તકનીકો, ખાતરો અને વ્યૂહાત્મક ઉદ્યોગો જેવા ક્ષેત્રો માટે મહત્વપૂર્ણ ખનિજોની વિવિધ શ્રેણીનો સમાવેશ થાય છે. ખાણ મંત્રાલયે જણાવ્યું હતું કે હરાજી પારદર્શક રીતે બે-તબક્કાની પ્રક્રિયા દ્વારા ઓનલાઈન હાથ ધરવામાં આવશે. સૌથી વધુ બોલી લગાવનારાઓને બ્લોક ફાળવવામાં આવશે. અત્યાર સુધીમાં, હરાજીના છ

તબક્કામાં 46 મહત્વપૂર્ણ અને વ્યૂહાત્મક ખનિજ બ્લોક્સની હરાજી કરવામાં આવી છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# OIL

સરકારે ખાતરી આપી છે કે દેશભરમાં આવશ્યક ઇંધણની કોઈ અછત નથી, તેલ રિફાઇનરીઓ સંપૂર્ણ ક્ષમતાથી કાર્યરત છે અને પેટ્રોલ અને ડીઝલનો પૂરતો સ્ટોક ઉપલબ્ધ છે

પ્રસ્તુત છે એક અહેવાલ...

(BYTE: AMAN-YADAV)

# AIR INDIA-FLIGHTS WEST ASIA

એર ઇન્ડિયા અને એર ઇન્ડિયા એક્સપ્રેસ આજે પશ્ચિમ એશિયા માટે 30 સુનિશ્ચિત અને વિશેષ  ફ્લાઇટ્સનું સંચાલન કરશે, જોકે ઘણા રૂટ પર સેવાઓ હજુ પણ મર્યાદિત રહેશે.

બંને એરલાઇન્સ જેદ્દાહ માટે તેમની સુનિશ્ચિત સેવાઓ ચાલુ રાખશે, જેમાં 10 ફ્લાઇટ્સનો સમાવેશ થાય છે. એર ઇન્ડિયા દિલ્હી અને મુંબઈથી એક-એક રિટર્ન ફ્લાઇટનું સંચાલન કરશે, જ્યારે એર ઇન્ડિયા એક્સપ્રેસ બેંગલુરુ, કોઝિકોડ અને મેંગલુરુથી ફ્લાઇટ્સનું સંચાલન કરશે.

જેદ્દાહ ઉપરાંત, એર ઇન્ડિયા એક્સપ્રેસ મસ્કતથી ચાર સુનિશ્ચિત ફ્લાઇટ્સનું સંચાલન કરશે, જેમાં દિલ્હી અને મુંબઈથી ફ્લાઇટ્સનો સમાવેશ થાય છે. સુનિશ્ચિત ફ્લાઇટ્સ ઉપરાંત, એર ઇન્ડિયા ગ્રુપ સંયુક્ત આરબ અમીરાત અને સાઉદી અરેબિયાથી આવતી જતી 12 વિશેષ ફ્લાઇટ્સનું સંચાલન કરશે.

# IRAN---HORMUZ

અમેરિકા દ્વારા ઈરાનના પાવર પ્લાન્ટ પર હુમલો કરાશે, તો હોર્મુંઝ સ્ટ્રેટને સંપૂર્ણપણે બંધ કરી દેવાની ઈરાને,ચેતવણી આપી છે. ઈરાનના ઇસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સે જ્યાં સુધી ઈરાનના પાવર પ્લાન્ટ પુનઃસ્થાપિત નહીં થાય ત્યાં સુધી આ જળમાર્ગ ફરીથી ખોલવામાં આવશે નહીં તેવી ચેતવણી આપી છે.

જો ઈરાન 48 કલાકની અંદર હોર્મુઝ સ્ટ્રેટ ખોલશે નહીં, તો અમેરિકા ઈરાનના વિવિધ પાવર પ્લાન્ટ પર હુમલો કરશે તેવી અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા અપાયેલી ચેતવણી બાદ ઈરાન તરફથી આ નિવેદન આવ્યું છે

ઈરાન સંસદના સ્પીકર મોહમ્મદ બાકર કાલિબાફે પણ ચેતવણી આપી છે કે જો તેમના દેશના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નિશાન બનાવવામાં આવશે, તે ગલ્ફ ક્ષેત્રમાં અમેરિકી ઉર્જા અને ટેકનોલોજી ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નિશાન બનાવી શકે છે.

ઉલ્લેખનીય છે કે હોર્મુઝ સ્ટ્રેટ વિશ્વભરમાં તેલ અને ગેસ સપ્લાય માટે એક મહત્વપૂર્ણ જળમાર્ગ છે. ઈરાને 28 ફેબ્રુઆરીથી તેને બંધ કરી દીધું છે. જેના કારણે સમગ્ર વિશ્વમાં ઈંધણના ભાવમાં વધારો થયો છે.

# KHELO-INDIA-TRIBAL-GAMES

ખેલો ઇન્ડિયા ટ્રાઇબલ ગેમ્સ 25 માર્ચથી 3 એપ્રિલ દરમિયાન છત્તીસગઢમાં યોજાશે.

રાયપુર, જગદલપુર અને સુરગુજામાં યોજાનારી આ રમતોમાં 2,300 ખેલાડીઓ સહિત 6,000 થી વધુ સ્પર્ધકો ભાગ લેશે. આ ટુર્નામેંટમાં તીરંદાજી, એથ્લેટિક્સ, ફૂટબોલ, હોકી, સ્વિમિંગ, વેઇટલિફ્ટિંગ, કુસ્તી, મલ્લખંભ અને કબડ્ડી સહિત વિવિધ રમતોનો સમાવેશ થશે.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે સંસ્કૃતિ ભુંડિયા

- આજના તમામ અખબારોએ અમેરિકા, ઈરાન અને ઇઝરાઈલ વચ્ચે યુદ્ધના સમાચારને મુખ્ય સમાચાર તરીકે  લીધા છે.
- સંદેશે લખ્યું છે કે, હોર્મુઝ મુદ્દે 22 દેશની ઈરાન સામે કરડી નજર.
- દિવ્ય ભાસ્કર અને ફૂલછાબ લખે છે કે, 48 કલાકમાં હોર્મુઝ ખોલવા ઈરાનને ટ્રમ્પનું અલ્ટિમેટમ.
- નવગુજરાત સમયે લખ્યું છે કે, હોર્મુઝ ખાડીમાં ઘમાસાણ: યુએસ-ઈરાન સામસામે.
- અને ગુજરાત સમાચાર લખે છે કે, વિનાશક યુધ્ધ લાંબુ ચાલવાના સંકેત: ઉર્જા કટોકટીનો સામનો કરવા "લોકડાઉન" માટે તૈયાર રહો.
- સ્થાનિક સમાચારોમાં જોઈએ તો આજે રાહુલ ગાંધી અને કાલથી કેજરીવાલ અને ભગવંત માન ગુજરાતનાં પ્રવાસે, હવે માવઠાની શક્યતા નહિવત્, ગરમી વધશે, ગુજરાતમાં દોઢ લાખ લોકો સાથે સાયબર ઠગાઇ: 45% જેટલા સિનિયર સીટીઝન જેવા સમાચાર વાંચવા  મળી રહ્યા છે.